એક અડુકિયો. બીજો દડુકિયો.
બંને ભાઈ આજ દોડાદોડી કરે છે.
મામાને ઘેર જવાનું છે.
મામાનો કાગળ આવ્યો છે.
મામાએ લખ્યું છે કે :



‘વહાલા ભાણા અડુકિયાભાઈ
અને દડુકિયાભાઈ!
તમે વહેલા વહેલા આવો.
તમારાં મામી સંભારે છે.
ઘણા દિવસો વીતી ગયા.
તમે ફરીને આવ્યા જ નહીં.
આ વેળા બાને સાથે લાવજો.
બાપુજીને પણ લાવજો.
ઝટ ઝટ આવજો.

લિખિતંગ
તમારા મામાની આશિષ

બાપુજીએ પણ હા કહી.
ચાલો ભાઈ. કરો તૈયારી.
રથ જોડાવો. ઘોડાને પલાણ નાખો.
સાથે ચોકીદાર આવશે.

મારગમાં વન આવે. મારગમાં પહાડો આવે. મારગમાં આવે ઊંડી નદીઓ. વાઘ ને દીપડા પણ આવે. ચોકીદાર તો જોઈએ જ.

મામાનું ગામ ઘણું દૂર છે.

આ માટે બધી તૈયારી થવા માંડી.
અડુકિયો અને દડુકિયો દોડાદોડ કરે છે.
ઘડીકમાં સુથારને ઘેર જાય છે.



સુથારને કહે છે :

‘સુથારકાકા, ઝટ કરો ને ભાઈ! અમારા રથનાં પૈડાં ઘડી આપો. વાર કરો તે ના ચાલે. મામાને ઘેર જવું છે.’

લુહારને કહે છે :

‘આટલી બધી વાર ન કરો દાદા! પૈડાંના પાટા ઝટ ટીપી આપો. મોડું જરાય ના કરાય. પછી મામાને ઘેર ક્યારે જઈશું?’

આવાં તો કેટલાંય કામ કરવાં પડેલાં.
એમ બધું તૈયાર થઈ ગયું.
સારાં મુહૂર્ત જોયાં.
રથ તૈયાર થઈ ઊભા. ઘોડા પર ચઢીને ચોકીદાર આવ્યા.
બા અને બાપુ રથમાં બેઠાં.
અડુકિયો અને દડુકિયો ઘોડા પર સવાર થયા.
ગામના લોકો વળાવવા આવ્યા.
રામ રામ, રામ, રામ કરીને ચાલી નીકળ્યા.
રથ જાય છે દોડ્યા.
સવાર થાય ને બપોર જામે.

વિસામો કરે. ભાથાં જમે. આરામ કરે. વળી પાછાં ચાલી નીકળે. રાત પડે ત્યાં રાત રહે. વળી દિવસ થાય અને ચાલવા માંડે. એમ કરતાં કેટલાય દિવસો વીતી ગયા.

એક દિવસની વાત છે.

સૂરજ આથમી ગયો છે. સાંજ પડી ગઈ છે. એક નદી આવી છે. એને કાંઠે રથ છોડ્યા. ઘોડા બાંધ્યા. બધા જમ્યા ને વાતો કરવા બેઠાં.

ત્યાં તો સરસર કરતી હવા માંડી ચાલવા.

બાપુજી કહે : ‘ઓ અડુકિયા, જોરજોરથી હવા ચાલે છે. જોજો કંઈ ઊડી ના જાય.’



દડુકિયો કહે : ‘પિતાજી, અમે પહેલાંથી જ અમારું કામ કરી લીધું. કશું ઊડવા દઈએ એવા નથી.’

ત્યાં પવન માંડ્યો ફૂંકાવા જોરજોરથી ઝપાટા લાગવા માંડ્યા. જોતજોતામાં તો આંધી ચડી ગઈ.

બધાં ભાગ્યાં.

ત્યાં તો વરસાદ કહે મારું કામ. વરસાદ માંડ્યો વરસવા. પવન કહે મારું કામ.

પવન અને વરસાદને હરીફાઈ ચાલી. પવન વરસાદથી વધવા જાય અને વરસાદ પવનથી વધવા માંડે.

પાણી... પાણી... પાણી... પાણી... ચારે કોર વહેવા માંડ્યું.
પેલા ખાડામાંય પાણી ભરાયું.
હવે જાવું ક્યાં?
બધાં પલળી ગયાં.
પાણી તો ધોમધોમ વહેવા લાગ્યું.
ચારે બાજુ સાગર બની ગયો.
ઘોર અંધારી રાત.
એમાં પવન અને વરસાદ.
વીજળી ચમકે તો કંઈ દેખાય.

એમ કરતાં બે-ત્રણ કલાક વીતી ગયા. વરસાદનો ઢગલો થઈ ગયો. જમીન તો ડૂબડૂબ થઈ ગઈ.



પાણીનો માર વાગે.
પવનની ઝાપટો વાગે.
કડડડભૂસ કરતાં ઝાડો તૂટી પડે.
હવે પાણીનાં પૂર ચડ્યાં.
પાણીની રેલ આવી ગઈ.

બાપુજી કહે : 'અલ્યા રથને પકડીને રાખજો. અલ્યા ઘોડા પર ચઢી રહેજો.'

ત્યાં તો રથ તણાયો.
ઘોડા પાણીમાં ડૂબી ગયા. એ પણ તણાયા.
એક ઘોડા પર અડુકિયો અને દડુકિયો બેઠા હતા.

એ ઘોડો પણ માંડ્યો તણાવા.
રથ તણાઈને કોણ જાણે ક્યાં ગયો.
ઘોડા તણાઈને ક્યાંના ક્યાં ગયા.

સવાર થયું અને અજવાળું નીકળ્યું. અડુકિયો અને દડુકિયો તણાતા જાય છે.



જોયું તો રથ પણ નથી. બીજા ઘોડા પણ નથી. બા પણ નથી અને બાપુજી પણ નથી.

અડુકિયો કહે : 'દડુકિયા!'

દડુકિયો કહે : 'હા ભાઈ, આપણે છૂટા પડી ગયા. બા અને બાપુ તણાઈ ગયાં.'

અડુકિયો કહે : 'હવે આપણે શું કરશું?'

દડુકિયો કહે : 'ભાઈ, પહેલા તો આપણે પાણીના પૂરમાંથી બચવું જોઈએ.'

ઘોડાનું ડોકું જ પાણી બહાર છે. આખું ડીલ પાણીમાં ડૂબી ગયું છે. એમ ને એમ ઘોડો તણાતો જાય છે.

એમ કરતાં એક ટેકરી દેખાઈ.

અડુકિયો બોલ્યો : 'હં બેટા ટીપુ ઘોડા... માર છલાંગ અને ચડી જા ટેકરી પર.'